# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-12-2025** **Midday : 2.30 TO 2.35**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.

....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# PM SURYA GHAR

પીએમ સૂર્ય ઘર મફત વીજળી યોજના' હેઠળ 5 લાખથી વધુ રૂફટોપ સોલાર સિસ્ટમના સ્થાપન સાથે ગુજરાત દેશભરમાં પ્રથમ ક્રમે છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા પ્રમાણે આ યોજના હેઠળ નાગરિકોએ કુલ 3 હજાર 778 કરોડ રૂપિયાની સબસિડીનો લાભ મેળવ્યો છે. આ યોજનામાં 65 હજાર 233 રૂફ્ટોપ સિસ્ટમ સ્થાપન સાથે સુરત જિલ્લો અગ્રેસર રહ્યો છે. ઉલ્લેખનીય છે , માર્ચ 2027 સુધીમાં આ યોજના અંતર્ગત 10 લાખ રહેણાંક રૂફટોપ સોલાર સિસ્ટમ સ્થાપવાના લક્ષ્યમાંથી 50 ટકા પૂર્ણ લક્ષ્યાંક હાંસલ કરાયું છે.

. . . . . . . . . . . . .

# HUDA SANGHAVI MEETING

ગાંધીનગરમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં સાબરકાંઠાના હિમ્મતનગર શહેરી વિકાસ સત્તામંડળ – હુડા મુદ્દે સંબંધિત ગામના આગેવાન અને ગ્રામજનો સાથે બેઠક યોજાઈ. તેમાં હુડા મુદ્દે રજૂઆત માટે આવેલા આગેવાનોના તમામ મુદ્દાને સાંભળી રાજ્ય સરકારે હાલ હુડા બનાવવાના નિર્ણયને સ્થગિત કર્યો છે. આ અંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ વધુ માહિતી આપી.

(BYTE: HARSH SANGHAVI, DyCM)

. . . . . . . . . . . . .

# DANG SIR

ડાંગ જિલ્લાના 173-ડાંગ વિધાનસભા મતદાર વિભાગના બે લાખ એક હજાર 682 મતદારો પૈકી એક લાખ 90 હજાર 561 મતદારોના ગણતરી પત્રક ડિઝિટાઈઝ કરાયા છે. તેમજ ગણતરી દરમિયાન ત્રણ હજાર 963 મતદારો મૃત , 5 હજાર 562 સ્થળાંતરિત , 551 ડુપ્લિકેટ, 979 ગેરહાજર તથા 66 અન્ય કેટેગરી એમ મળીને કુલ 11 હજાર 121 મતદારોનો "Uncollectable" શ્રેણીમાં સમાવેશ થયો છે.

. . . . . . . . . . . . .

# G RAM G BILL PASS

લોકસભામાં વિકસિત ભારત – રોજગાર અને આજીવિકા મિશન ગ્રામીણ માટે ગૅરન્ટી – વિકસિત ભારત – જી રામ જી ખરડો પસાર કરાયો છે. આ કાયદો 20 વર્ષ જૂના મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગૅરન્ટી અધિનિયમ 2005નું સ્થાન લેશે. આ ખરડા અંગે સાબરકાંઠાના જેઠીપુરા ગામના સરપંચ એહસાન અલી હસને પ્રતિક્રિયા આપી.

(BYTE: EHSAN ALI HASAN BHAI, SARPANCH JETHIPURA)

. . . . . . . . . . . . .

# SURENDRANAGAR KHANAN

સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલાના નાયબ કલેકટર એચ ટી મકવાણાએ ફરિયાદના આધારે થાનગઢ તાલુકાના અભેપર ગામે દરોડો પાડીને મોટી ખનીજ ચોરી ઝડપી છે. અભેપર ગામમાં કોલસાનો કૂવો શરૂ થયો હોવાની રજૂઆત મળતા જ તંત્રએ દરોડા પાડી બે મોટા ટ્રેક્ટર , એક નાનું ટ્રેક્ટર, કમ્પ્રેસર મશીન, 19 નંગ વિસ્ફોટક સહિત 17 લાખ 30 હજાર રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરાયો હોવાનું નાયબ કલેકટર એચ.ટી. મકવાણાએ જણાવ્યું.

(બાઈટ : એચ.ટી. મકવાણા, નાયબ કલેકટર)

. . . . . . . . . . . . .

# RAM SUTAR DEMISE

પ્રખ્યાત શિલ્પકાર રામ વનજી સુતારનું ગત મોડી રાત્રે ઉત્તરપ્રદેશમાં નોયડાના તેમના નિવાસસ્થાને અવસાન થયું. તેઓ 100 વર્ષના હતા. સ્વર્ગીય રામ સુતાર ગુજરાતમાં વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા – સ્ટેચ્યૂ ઑફ યુનિટીની ડિઝાઈન માટે પ્રખ્યાત હતા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રામ સુતારના અવસાન અંગે દુઃખ વ્યક્ત કરતા કહ્યું, તેઓ એક ઉત્કૃષ્ટ શિલ્પકાર હતા. તેમની કળાએ ભારતને કેટલાક સૌથી પ્રખ્યાત સ્મારક આપ્યા. શ્રી મોદીએ કહ્યું , રામ સુતારના કાર્યોની હંમેશા ભારતના ઇતિહાસ, સંસ્કૃતિ અને સામૂહિક ભાવનાની શક્તિશાળી અભિવ્યક્તિ તરીકે પ્રશંસા કરાશે. તેમણે કહ્યું , શ્રી સુતારના કામ કલાકારો અને નાગરિકો બંનેને પ્રેરણા આપતા રહેશે.

વર્ષ 1925માં મહારાષ્ટ્રના ધુલે જિલ્લામાં જન્મેલા રામ સુતાર મુંબઈની જે.જી. સ્કૂલ ઑફ આર્ટ ઍન્ડ આર્કિટૅક્ચરના સુવર્ણ ચંદ્રક વિજેતા હતા. સંસદ પરિસરમાં ધ્યાન મુદ્રામાં બેઠેલા મહાત્મા ગાંધીજી અને ઘોડા પર સવાર છત્રપતિ શિવાજી મહારાજની પ્રખ્યાત મૂર્તિઓ તેમને ઉત્તમ રચનાઓમાંથી એક છે. સ્વર્ગીય રામ સુતારને વર્ષ 1999માં પદ્મશ્રી અને વર્ષ 2016માં પદ્મભૂષણથી સન્માનિત કરાયા હતા. હાલમાં જ તેમણે રાજ્યના સર્વોચ્ચ પુરસ્કાર મહારાષ્ટ્ર ભૂષણ પુરસ્કારથી પણ સન્માનિત કરાયા હતા.

. . . . . . . . . . . . .

# MEHSANA PAK SAHAY

મહેસાણાના 69 હજાર 318 જેટલા ખેડૂતને 110 કરોડ રૂપિયાથી વધુની સહાય ચૂકવવામાં આવી છે. જ્યારે અન્ય 72 હજાર 495 જેટલા ખેડૂતને એક સપ્તાહમાં સહાય ચૂકવાશે. ઉલ્લેખનીય છે કે , કમોસમી વરસાદથી ખેડૂતોને નુકસાન બદલ રાજ્ય સરકારે સહાય જાહેર કરી હતી. ત્યારે જિલ્લાના એક લાખ 41 હજારથી વધુ ખેડૂતે પાક સહાયની યોજનાનો લાભ લેવા ઑનલાઈન અરજી કરી હતી. જિલ્લામાં 184 જેટલી ટુકડીએ 616 જેટલા ગામની સરવે એટલે કે , મોજણી કરીને અહેવાલ તૈયાર કર્યો હતો.

. . . . . . . . . . . . .

# GANDHINAGAR DABAN

ગાંધીનગરના રાંધેજા વિસ્તારમાંથી તંત્રએ ધાર્મિક દબાણ દૂર કર્યું છે. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે , છેલ્લા ઘણા સમયથી કરાયેલા આ દબાણને હટાવવા માટે તંત્રએ અગાઉ નૉટિસ પાઠવી હતી. તેમ છતાં દબાણ ન હટાવાતા આજે વહેલી સવારે આ દબાણ હટાવી 150 વાર જેટલી જગ્યાને ખૂલ્લી કરાવવામાં આવી છે.

. . . . . . . . . . . . . .

# AHMEDABAD METRO TRAIN

અમદાવાદમાં આવતીકાલે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ડે-નાઈટ ટી-20 ક્રિકેટ મૅચ રમાવાની હોવાથી મૅટ્રો ટ્રૅન રાત્રે સાડા 12 વાગ્યા સુધી દોડશે. નરેન્દ્ર મોદી સ્ટૅડિયમમાં રમાનારી મૅચને લઈ ગુજરાત મૅટ્રો રૅલ કૉર્પોરેશન – GMRC દ્વારા આ નિર્ણય કરાયો છે.

આ લંબાવાયેલા સમય દરમિયાન માત્ર મોટેરા સ્ટેડિયમ મેટ્રો મથક અને સાબરમતી મેટ્રો મથક પરથી મૅટ્રોમાં બેસી શકાશે અને ત્યાંથી અમદાવાદ મૅટ્રોના મોટેરાથી APMC અને થલતેજ ગામથી વસ્ત્રાલ ગામ એમ બંને કૉરિડોરના કોઈ પણ કાર્યરત્ મેટ્રો મથક પર જઈ શકાશે . જ્યારે ગાંધીનગર જવા મોટેરા સ્ટેડિયમથી સૅક્ટર એક સુધી રાત્રે બે વધારાની મૅટ્રો ટ્રૅન મધ્યરાત્રે 11 વાગ્યાને 40 મિનિટે અને મધ્યરાત્રે 12 વાગ્યાને 10 મિનિટે ઉપડશે.

. . . . . . . . . . . . .